પોકમાં ભારતના પ્રચંડ હવાઈ હુમલા

૨૦૦ થી ૩૫૦ આતંકવાદીઓનો ખાત્મો : ૧૨ મિરાજ ૨૦૦૦ વિમાન મારફતે ૧૦૦૦ કિલોગ્રામના ઝીંકાયેલ બોંબ : ૨૧ મિનિટના ગાળામાં આતંકવાદી કેમ્પોનો સંપૂર્ણ સફાયો કરી દેવાયો : પુલવામા હુમલાનો ભારતે આખરે બદલો લીધો : પાકિસ્તાનમાં ઘુસીને સતત ૨૧ મિનિટ સુધી બોંબ વર્ષા : જૈશના આકાઓ, ટ્રેનરો અને કમાન્ડરો ફુંકાયા

નવી દિલ્હી,તા. ૨૬

જમ્મુ કાશ્મીરના પુલવામા ખાતે ૧૪મી ફેબ્રુઆરીના દિવસે કરવામાં આવેલા ભીષણ ત્રાસવાદી હુમલાના ૧૨માં દિવસે આજે ભારતીય હવાઇ દળે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ઘુસીને જોરદાર હવાઇ હુમલા કરીને ત્રાસવાદીઓના તમામ કેમ્પો અને અડ્ડાઓને ફુંકી માર્યા હતા. ભારતીય હવાઇ દળે આજે વહેલી સવારે હવાઇ હુમલા કરીને ત્રાસવાદીઓ અને તેમના આકાઓને તેમની ઓકાત બતાવી હતી અને મિનિટોના ગાળામાં જ ત્રાસવાદી અડ્ડાઓને ફુંકી મારીને ૩૫૦થી પણ વધુ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. માર્યા ગયેલા ત્રાસવાદીઓમાં તેમના કમાન્ડરો, આકાઓ અને આત્મઘાતી બોંબરોનો સમાવેશ થાય છે. પુલવામા હુમલાના ૧૨ દિવસ બાદ ત્રાસવાદી અડ્ડાઓને ફુંકી મારવા માટે વહેલી પરોઢે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ત્રાસવાદી અડ્ડાઓ ઉપર મિરાજ ૨૦૦૦ વિમાન મારફતે ૧૦૦૦ કિલોગ્રામના બોંબ ઝીંકવામાં આવ્યા હતા. ૧૨ મિરાજ યુદ્ધ વિમાનો દ્વારા જૈશે મોહમ્મદના આલ્ફા-૩ કન્ટ્રોલ રુમ સહિત ત્રાસવાદી અડ્ડાઓને ફૂંકી મારવામાં આવ્યા હતા. ચોક્કસ બાતમીના આધારે આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. બાલાકોટ અને ચપોટીમાં પણ ત્રાસવાદી અડ્ડાઓને ફુંકી મારવામાં આવ્યા હતા. જૈશે મોહમ્મદના તમામ અડ્ડાઓને આ ગાળામાં ફુંકી મારવામાં આવ્યા હતા. બાલાકોટ, ચિકોટી અને મુઝફ્ફરાબાદમાં જૈશ અને અન્ય ત્રાસવાદી સંગઠનોના અડ્ડાઓને ત્રાસવાદીઓ સાથે ફૂંકી મારવામાં આવ્યા હતા. સમગ્ર ઓપરેશન ૨૧ મિનિટ સુધી ચાલ્યું હતું જે ગાળામાં ભારતીય હવાઇ દળના યુદ્ધ વિમાનોએ પાકમાં ૮૦ કિલોમીટર સુધી અંદર ઘુસી પાકિસ્તાની સરહદમાં બોંબ વર્ષા કરાઈ હતી.

એર સ્ટ્રાઇક વખતે વડાપ્રધાન મોદી વૉર રૂમમાં જ હાજર હતા

મધરાતે મોદી સાથે વોર રૂમમાં રક્ષામંત્રી અને એનએસએ અજીત ડોભાલ પણ હાજર જ હતા

ન્યુ દિલ્હી,તા.૨૬

પુલવામામાં થયેલા આતંકી હુમલાનો ભારતે બદલો લેવાની સાથે સાથે આતંકવાદની કમર પણ તોડી નાખી છે. મંગળવારે વહેલી સવારે એરફોર્સે એલઓસી પાર કરીને પીઓકેના આતંકી કેમ્પ પર હવાઈ હુમલો કરીને તેમના બધા કેમ્પ બરબાદ કરી દીધા છે. એટલું જ નહીં, સરકારી સૂત્રો દ્વારા એવી પણ માહિતી આપવામાં આવી છે કે, એરફોર્સની આ સૌથી મોટી કાર્યવાહીમાં ૩૦૦ આતંકીઓને ઠાર કરવામાં આવ્યા છે. સરકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે ભારતીય વાયુસેના જ્યારે પીઓકેમાં ઘૂસીને જૈશના આતંકી ઠેકાણાઓને નેસ્તનાબૂદ કરી રહ્યાં હતા ત્યારે વોર રૂમમાંથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સમગ્ર ઓપરેશન ઉપર નજર હતી.

વોર રૂમમાં મોદીની સાથે અન્ય નેતાઓ પણ હાજર હતાઃ સરકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે ભારતીય વાયુસેનાના ઓપરેશન સમયે વડાપ્રધાન મોદી દિલ્હીમાં આવેલા વોર રૂમમાં હાજર હતા. તેમની સાથે વોર રૂમમાં રક્ષા મંત્રી નિર્મલા સીતારમણ અને એનએસએ અજીત ડોભાલ પણ હાજર હતાં.

દેશમાં આત્મઘાતી હુમલા કરવા ત્રાસવાદી સજ્જ હતા : ગોખલે

બાતમી બાદ નોન મિલિટ્રી એક્શન હેઠળ હવાઈ હુમલા : પાકિસ્તાનને વારંવાર ત્રાસવાદીઓની સામે કાર્યવાહી કરવા કહેવામાં આવ્યું હોવા છતાંય પાકિસ્તાને પગલા લીધા ન હતા : આખરે હુમલા કરવાની ફરજ : ગોખલે

નવી દિલ્હી,તા. ૨૬

પુલવામામાં ત્રાસવાદી હુમલાને ભારતે આજે આખરે બદલો લીધો હતો. પાકિસ્તાનમાં ઘુસીને

આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા હતા. વહેલી પરોઢે હવાઈ હુમલા કરવામાં આવ્યા બાદ આ સફળ ઓપરેશન અંગે મોડેથી ભારતીય વિદેશ મંત્રાલય દ્વારા વિસ્તારપૂર્વક માહિતી આપવામાં આવી હતી. આ હવાઈ હુમલા પાછળના કારણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. હવાઈ દળના ભીષણ હુમલા અંગે માહિતી આપતા વિદેશ સચિવ ગોખલેએ કહ્યું હતું કે, આ હવાઈ હુમલામાં ત્રાસવાદીઓને ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. ગુપ્ત માહિતીના આધાર પર ભારતે જૈશના અડ્ડાઓ ઉપર નોન મિલિટ્રી એક્શન હેઠળ આ કાર્યવાહી કરી હતી. ગોખલેએ કહ્યું હતું કે, જૈશના ત્રાસવાદીઓ ભારતમાં વધુ હુમલાઓ કરી શકે છે અને આની ટ્રેનિંગ ત્રાસવાદી આકાઓ દ્વારા આપવામાં આવી રહી છે તેવી બાતમી મળ્યા બાદ ભારતને હુમલા કરવાની જરૂરિયાત દેખાઈ રહી હતી. બાલાકોટમાં જૈશના ટ્રેનિંગ કેમ્પ ઉપર હુમલા કરવામાં આવ્યા છે જેમાં અનેક મોટા આતંકવાદીઓ, સિનિયર કમાન્ડરો અને જેહાદીઓના મોત થયા છે. વિદેશ સચિવ ગોખલેએ કહ્યું હતું કે, ૧૪મી ફેબ્રુઆરી ૨૦૧૯ના દિવસે પુલવામામાં ત્રાસવાદી હુમલામાં જૈશનો હાથ હતો. આ હુમલામાં સીઆરપીએફના ૪૦ જવાન શહીદ થયા હતા. એવી સૂચના મળી રહી હતી કે, જૈશના ત્રાસવાદીઓ વધુ આત્મઘાતી હુમલા કરવાના પ્રયાસમાં છે.

સર્જિકલ સ્ટ્રાઇકનો માસ્ટર પ્લાન

૧૪ ફેબ્રુઆરી

પુલવામામાં જૈશનો હુમલો થયો. ૪૦થી વધુ સીઆરપીએફ જવાન શહીદ થયા. દેશભરમાં રોષનો માહોલ હતો.

૧૫ ફેબ્રુઆરી

સવારે ૯.૩૦ કલાકે ઈન્ડિયન એરફોર્સના ચીફ ધનોઆએ આ હુમલાના જવાબમાં એક સ્ટ્રાઇક કરવાનો પ્રસ્તાવ મુક્યો. સરકારે તેને લીલી ઝંડી આપી.

૧૬થી ૨૦ ફેબ્રુઆરી

એરફોર્સ અને આર્મીએ હવાઈ સર્વિલાંસ કર્યું. એલઓસીની આસપાસના ઈલાકાઓને હીરોન ડ્રોન્સની મદદથી શોધી કાઢ્યા. જાણી લીધું આતંકીઓના ઠેકાણાઓ ક્યાં ક્યાં છે.

૨૦થી ૨૨ ફેબ્રુઆરી

ઈન્ડિયન એરફોર્સ અને ઈન્ટેલિજન્સ સાથે બેઠક કરી. ટાર્ગેટ ટેબલ બનાવવામાં આવ્યું એટલે કે તે ઈલાકાઓ અને અડ્ડાઓ નક્કી કરવામાં આવ્યાં જ્યાં હલ્લા બોલ કરી શકાય.

૨૧ ફેબ્રુઆરી

એનએસએ અજીત ડોભાલ સામે પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું કે કયા સ્થળે સ્ટ્રાઇક કરી શકાય.

૨૨ ફેબ્રુઆરી

ઈન્ડિયન એરફોર્સ ૧ સ્કવોડ્રન 'ટાઇગર્સ' અને ૭ સ્કવોડ્રન 'બેટલ એક્સેસ' ને 'સ્ટ્રાઇક મિશન' માટે તૈયાર રહેવા કહેવામાં આવ્યું.

૨૨ ફેબ્રુઆરી

૨ મિરાજ સ્કવોડ્રન્સે આ મિશન માટે ૧૨ જેટ્સ તૈયાર કર્યા. મિરાજ હુમલો કરવા માટે તૈયાર હતાં.

૨૪ ફેબ્રુઆરી

મધ્ય ભારતના અનેક હિસ્સાઓમાં ટ્રાયલ રન કરવામાં આવ્યા. ભટિંડાના અર્લી વોર્નિંગ જેટ અને આગ્રાના મિડ એર રિફ્યુલરની મદદથી આ ટ્રાયલ રન કરવામાં આવ્યા.

૨૫-૨૬ ફેબ્રુઆરી

સ્ટ્રાઇક મિશનને પૂરી તૈયારી સાથે અંજામ આપવામાં આવ્યો. રાતે ૩.૨૦થી ૩.૩૦ વચ્ચે ૧૦ મિનિટમાં ૧૨ મિરાજ વિમાનોથી ૧૦૦૦ કિલોથી વધુ બોમ્બ નાંખવામાં આવ્યા.

૨૬ ફેબ્રુઆરી

સવારે NSA ડોભાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સમગ્ર ઓપરેશન વિશે જાણકારી આપી. સરકારે માન્યું કે સ્ટ્રાઇક કરવામાં આવી છે.પુલવામા આતંકી હુમલાના ૧૨ દિવસ બાદ ભારતીય વાયુસેનાના પાકના કબ્જાવાળા કાશ્મીરમાં આતંકી કેમ્પો પર મોટી કાર્યવાહી કર્યાના સમાચાર સામે આવી રહ્યા છે. આજે અડધી રાત્રે વાયુસેના એ મિરાજ વિમાનોએ PoKના બાલાકોટ અને ચાકોટી, અને મુઝફ્ફરાબાદમાં જબરજસ્ત બોમ્બવરસાવી આતંકીઓના કેમ્પને બર્બાદ કરી દીધા છે. આ હુમલામાં કેટલાં આતંકી ઠાર કરાયા છે તેની માહિતી આવી નથી. એવો અંદાજ છે કે ભારતની આ કાર્યવાહીમાં ૨૦૦થી ૩૦૦ જેટલા આતંકીને ઠાર માર્યા છે.

કચ્છ સરહદે પાકિસ્તાનનું ડ્રોન તોડી પડાયું

રાજ્યના સરહદી વિસ્તારોમાં હાઇએલર્ટ, ઈન્ડિયન એરફોર્સ પણ એલર્ટ : તમામ પોલીસ અધિકારીઓની રજાઓ રદ, હેડ ક્વાર્ટરમાં પહોંચી જવાનો આદેશ

ગાંધીનગર,તા.૨૬

પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં ભારતીય વાયુસેનાએ સર્જિકલ સ્ટ્રાઈક કરી જૈશના આતંકી

ટ્રેઈનિંગ કેમ્પને નષ્ટ કરાયા હતા. ત્યારે ગુજરાતની કચ્છ સરહદ પાસે ભારતીય સેનાએ પાકિસ્તાની ડ્રોનને તોડી પડાયું હોવાના અહેવાલ છે. ભારતીય વિસ્તારમાં જાસૂસી કરવા મોકલાયેલા પાકિસ્તાની ડ્રોને વહેલી સવારે સાડા ૬ વાગ્યે તોડી પડાયું હતું. જેને પગલે ઘટનાસ્થળે ગામલોકો અને સેનાના અધિકારી દોડી ગયા હતા.

વાયુ સેનાના હુમલા પર ગુજરાતના સીમાવર્તી બોર્ડર એલર્ટ જાહેર કરાયું છે. ગુજરાતની ત્રણેય સુરક્ષા પાંખોને ખડેપગે રહેવાનું કહી દેવાયું છે.

રાજ્ય પોલીસ વડાએ પાકિસ્તાન પર એરફોર્સની કાર્યવાહીને પગલે પોલીસ દળના તમામ એકમોને હાઇ એલર્ટ પર મૂક્યા છે. તો આ સ્ટ્રાઈકને પગલે પોલીસ ભવનમાં યોજાનાર કોન્ફરન્સ પણ રદ કરવામાં આવી છે. રાજ્યની સરહદી બોર્ડર પર ચુસ્ત બંદોબસ્તનો હુકમ છોડાયો છે. રાજ્ય બહારથી આવતા વાહનોની તપાસ તેજ કરવામાં આવી છે. હવાઈ હુમલા બાદ રાજ્યની તમામ સરહદો સીલ કરવામાં આવી છે. જેમાં શામળાજી-રતનપુર બોર્ડર પર પણ પોલીસ કાફલો તૈનાત કરાયો છે. તો બીજી તરફ, કચ્છ સરહદ પણ હાઈ એલર્ટ પર મૂકાઈ છે. સરહદ પર ગમે તે પરિસ્થિતને પહોંચી વળવા માટે સેનાને ખડેપગે કરાઈ છે.

પોકમાં હવાઈ હુમલા બાદ દેશમાં દિવાળી જેવો માહોલ

રાજકીય પક્ષોએ પણ પરાક્રમની પ્રશંસા કરી : લોકો હવાઈ દળના પરાક્રમ-મોદીના સાહસ માટે પ્રશંસા કરતા રસ્તા પર ઉજવણી માટે આવ્યા : મિઠાઈ વહેંચાઈ

નવી દિલ્હી,તા. ૨૬

પાકિસ્તાનમાં ઘુસીને મોટાપાયે હવાઈ હુમલા કરવામાં આવ્યા બાદ તથા ત્રાસવાદીઓનો ખાત્મો કરાયા બાદ આજે દેશભરમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. ઘણી જગ્યાઓએ ફટાકડાઓ ફોડવામાં આવ્યા હતા, મિઠાઈઓ વહેંચવામાં આવી હતી. લોકો જાહેર રસ્તા પર તિરંગા ધ્વજ સાથે ઉતરી આવ્યા હતા અને ભારત માતા કી જયના નારા ગુંજી ઉઠ્યા હતા.

પાકિસ્તાનને બોધપાઠ ભણાવી દેવામાં આવ્યા બાદ દેશમાં જોરદાર ઉજવણી દિવાળીની જેમ કરવામાં આવી હતી. સેનાના પરાક્રમની તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારના સાહસી નિર્ણયની ચારેબાજુ પ્રશંસા થઇ હતી. રાજકીય પક્ષોએ પણ સેનાના પરાક્રમની ભારે પ્રશંસા કરી હતી. ભાજપના મહાસચિવ રામમાધવ, ભાજપ પ્રમુખ અમિત શાહ સહિતના નેતાઓએ પોતાની પ્રતિક્રિયાઓ આપી હતી. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પણ હવાઈ દળની પ્રશંસા કરી હતી.

ટુંકી જાહેર નિવિદા : ૧૦/૨૦૧૮-૧૯

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ

(ગુજરાત સરકાર સ્થાપિત ઉપક્રમે)

ઉદ્યોગભવન, બ્લોક નં.૫, ત્રીજો માળ, ઘ-રોડ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ફોન નં. ૨૩૨૫૦૬૩૨, ૩૪ થી ૨૩૨૫૦૬૩૭, ફેક્સ નં. ૨૩૨૫૦૭૦૭

નીચે દર્શાવેલ કામો માટે ફક્ત રજીસ્ટર્ડ એ.ડી./સ્પીડ પોસ્ટથી લાખ/વેક્સ/ટેપથી સીલબંધ કવરમાં ટેન્ડરો મંગાવવામાં આવે છે. પોસ્ટથી ટેન્ડર મંગાવનારે રૂ. ૫૦/- વધારાના ભરવાના રહેશે. પોસ્ટથી ટેન્ડર મંગાવનાર ઈજારદારના પ્રમાણપત્ર સ્વીકારવા યોગ્ય નહી હોય તો, ટેન્ડર કોપી મોકલવામાં આવશે નહી અને ટેન્ડર ફી તેઓના ખર્ચે પરત કરવામાં આવશે. બાનાની રકમ ડીમાન્ડ ડ્રાફ્ટ 'જીઆઈડીસી, ગાંધીનગરના નામનો / એફ.ડી.આર. અધિક્ષક ઈજનેરશ્રી (યાં./વિ.) જી.આઈ.ડી.સી. ગાંધીનગરના નામની આપવાની રહેશે. લાખ/વેક્સ/ટેપથી સીલ ન કરેલ અથવા તુટી/ફાટી ગયેલ ટેન્ડરો પોસ્ટમેન પાસેથી સ્વીકારવામાં આવશે નહીં.

અનુ. નં.	કામનું નામ	૧. અંદાજીત રકમ રૂ. ૨. બાનીન રકમ રૂ. ૩. ટેન્ડરો ફી રૂ.
૧	નિગમની ઉદ્યોગ ભવન, ગાંધીનગર, ખાતેની વડી કચેરીએ અથવા ગાંધીનગર, ખાતે કોઈપણ સ્થળે ચાર્જ સંભાળતા ઈજનેરના દિશાસુચન મુજબ ડેઝર્ટ પ્રકારના તદ્દન નવા એરકુલર (૨૬"૨૨૬"x૩૦") માપના ટ્રોલી સ્ટેન્ડ સાથે ૪ મહિના માટે ભાડા પટેથી પુરા પાડવા, ફિક્સીંગ અને કાર્યરત કરી આફવા સાથેના કામના વાર્ષિક કરાર બાબતે અનુભવી વિક્રેતા/ઈજારદાર પાસેથી સીલબંધ કવર માટેના ટેન્ડરો બાબત.	રૂ. ૧૬૦૦૮૦/- રૂ. ૧૬૦૦/- રૂ. ૬૦૦/- + રૂ. ૧૦૮ (જી.એસ.ટી. ૧૮%) = રૂ. ૭૦૮/-

ઉપરોક્ત કામ અંગેના ટેન્ડરો આપવાની તારીખ : ૨૬/૨/૨૦૧૯ થી ૭/૩/૨૦૧૯ (રજાના દિવસ સિવાય) સુધી સવારે ૧૧.૦૦ થી ૧૫.૩૦ કલાક દરમિયાન રહેશે. ભાવ ભરેલ ટેન્ડરો સ્વીકારવાની છેલ્લી તા. ૧૧/૩/૨૦૧૯ના રોજ ૧૨.૦૦ કલાક સુધી રહેશે. ઉપરોક્ત કામ અંગેના કોરા ટેન્ડરો અધિક્ષક ઈજનેરશ્રી (યાં/વિ) જી.આઈ.ડી.સી. ઉદ્યોગ ભવન, બ્લોક નં. ૪, ત્રીજો માળ, ઘ-રોડ, સેક્ટર-૧૧, ગાંધીનગર, પીન-૩૮૨૦૧૧ ની કચેરીએથી મળશે અને ભાવ ટેન્ડરો રજીસ્ટર એ.ડી. /સ્પીડ પોસ્ટથી લાખ / વેક્સ / ટેપથી સીલ બંધ કવરમાં આવેલ હશે તો બીજા દિવસે એટલે કે તા. ૧૨/૩/૨૦૧૯ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે, ટેન્ડરોમાં રસ ધરાવતા ઈજારદારોની હાજરીમાં અધિક્ષક ઈજનેરશ્રી (યાં/વિ) દ્વારા ઉક્ત સ્થળે ખોલવામાં આવશે.

અનુ.નં. ૧ ટેન્ડર માટેના જરૂરી દસ્તાવેજો જેવા કે, જી.એસ.ટી. રજીસ્ટ્રેશનનું પ્રમાણપત્ર, ઈ.પી.એફ.ઓ.નું માન્ય રજીસ્ટ્રેશન અને અદ્યતન ચલણ, ઈ-૨ કક્ષાનું ઈલેક્ટ્રીકલ વીંગ રજીસ્ટ્રેશન અને ઈજારદાર તરીકેનું માન્ય લાઈસન્સ, પાનકાર્ડ, અદ્યતન આવકવેરા રીટર્ન, વાર્ષિક રૂ. ૧,૬૦,૦૮૦/- કે તેથી વધુ ટર્નઓવરનું પાછળ ત્રણ વર્ષનું સી.એસ. સર્ટીફિકેટ તથા આવા જ કામના ઓછામાં ઓછા ૩ વર્ષના અનુભવના પુરાવા જેમાંથી એક એવું જ કામ કે જેની રકમ રૂ. ૬૪,૦૩૨/- જેટલી અથવા તેનાથી વધુ હોવી જોઈએ. તેમજ રૂ. ૩૨,૦૧૬/- કે તેથી વધુની ચાલુ વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવન્સી રજૂ કર્યેથી અધિક્ષક ઈજનેરશ્રી (યાં/વિ)ની ઉક્ત સ્થળે આવેલ કચેરીએથી આપવામાં આવશે.

કોઈપણ અથવા બધા જ ટેન્ડરો કારણ આપ્યા સિવાય રદબાતલ કરવાનો અબાધિત અધિકાર નિગમનો રહેશે.

સહી/-

અધિક્ષક ઈજનેર (યાં/વિ)

માહિતી/૩૦૮૫/૧૮-૧૯ જી.આઈ.ડી.સી., ગાંધીનગર

ધુળિયું બન્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રભાવિત થયુ હતુ. થોડીવાર માટે ગાંધીનગર આંધીનગર બની ગયુ હતુ. જયારે શહેરમાં કેટલાક ઠેકાણે વરસાદી છાંટણાના લીધે ભીની માટીની મહેક પ્રસરી હતી. અચાનક જ વાતાવરણ પલ્ટાથી શહેરમાં સાર્વત્રિક ઠંડક પ્રસરી હતી. જયારે ગ્રામ્ય વિસ્તારમાં પણ વાતાવરણ પલ્ટાની અસર જોવા મળી હતી. શહેર આસપાસના ગામોમાં પણ ભારે પવનના લીધે છાપરા ઉડી ગયા હતા. ઉત્તર ભારતમાં વરસાદી માહોલના અંતે આજે ગુજરાના વિવિધ વિસ્તારોમાં પણ વરસાદી વાયરો ફુંકાયો હતો .જયારે પાટણ, પાલનપુર, સુરેન્દ્રનગર મહુડી સહીતના વિસ્તારમાં વરસાદી ઝાપટુ પડયુ હતુ. જેના લીધે જનજીવન પણ પ્રભાવિત થયુ હતુ. ગાંધીનગરમાં પણ આ વાતાવરણ પલ્ટાની અસરથી સાંજે સુસવાટા મારતા ઠંડા પવન સાથે વરસાદી છાંટણા વરસ્યા હતા. જેના લીધે નાટકીય વાતાવરણ પલ્ટાની અસરથી નગરનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ. શહેરના મુખ્યમાર્ગો આસપાસ લગાવાયેલા હોર્ડીંગ્સ પણ પવનના જોર વચ્ચે ઉડી ગયા હતા. બીજીતરફ શહેરના કેટલાક બિલ્ડીંગોમાં પણ બારીના કાચ તુટીને નીચે પડતા સદનસીબે કોઈને ઈજા થવા પામી ન હતી. શહેરમાં આજે વાતાવરણ પલ્ટાની અસર વચ્ચે મોસમના બદલાયેલા મિજાજ વચ્ચે લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રી તેમજ મહત્તમ તાપમાન ૨૪.૮ ડિગ્રી રહયુ હતુ. દિવસનુ તાપમાન ૭ ડિગ્રી ગગડયુ હતુ. વાતાવરણમાં સાવર્ત્રિક ઠંડક પ્રસરી હતી. વાતાવરણ પલ્ટાના લીધે ખેડુતોમાં પણ ચિંતાની લાગણી વ્યાપી હતી. જયારે અત્યંત ઠંડા પવનના લીધે નગરજનો પણ સાંજના સમયે કોલ્ડવેવ અનુભવતા ગરમ કપડાની લપેટમાં આવી ગયા હતા. જો કે થોડીવારમાં પવનનુ જોર હળવ પડી જતા નગરજનોએ રાહત અનુભવી હતી. સેકટરોમાં ઘરોમાં પણ ધુળિયા વાતાવરણ વચ્ચે રેતીના ઢગ ખડકાયા હતા. મોસમના વિચિત્ર મિજાજથી નગરજનો પ્રભાવિત થયા હતા. જયારે વાહનચાલકો પણ ધુળિયા વાતારણથી ત્રસ્ત બન્યા હતા. જો કે થોડીવારમાં પવનનુ જોર હળવુ થઇ જતા શહેરીજનોએ રાહત અનુભવી હતી. મોસમનો આ બદલાવ સાંજે ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો.

આવાસો બંધાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેટલા નવા એલ આઇ જી આવાસો બાંધવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. આ મામલે ટુંકમાં જ જગ્યા નિયત કરાયા બાદ મકાનો બાંધવાની કામગીરી પણ શરૂ કરી દેવાશે. ગુડા દ્વારા પ્રથમ તબક્કામાં રાયસણ , ચિલોડા તેમજ અડાલજમાં એલ આઇ જી આવાસોનુ નિર્માણ કરાયુ હતુ. જયારે આ આવાસોમાં હાલ લાભાર્થીઓનો વસવાટ પણ જોવા મળી રહ્યો છે. જયારે બીજા તબક્કામાં કુડાસણમાં એમ આઇ જી આવાસો તૈયાર કરવાનુ કામ પણ આખરી તબક્કામાં છે. જયારે બીજીતરફ કુડાસણ અને સરગાસણમાં પણ નવા આવાસો માટે ટુંકમાં જ ખાતમુહુર્ત કરવામાં આવશે. જેના અંતે આ યોજના સંદર્ભે કામગીરી શરૂ કરી દેવાશે. જયારે ગુડા દ્વારા આગામી દિવસોમાં પેથાપુર તેમજ વાવોલમાં પણ નવા આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. આ માટે જગ્યા નક્કી કરવા માટે પણ ગતિવિધિઓ ચાલી રહી છે. પેથાપુર અને વાવોલમાં નવા ૧૫૦૦ જેટલા આવાસો તૈયાર કરાશે એલ આઇ જી લાભાર્થીઓ માટે આ પ્રકારના આવાસો બાંધવામાં આવશે. જો કે હજુ જગ્યા આખરી થયા બાદ નવી આવાસ યોજના સંદર્ભે કામગીરી આગળ વધશે. જિલ્લામાં હજુ પણ નવા આવાસો માટે લાભાર્થીઓ પૃચ્છા કરી રહ્યા છે. જયારે નવા આવાસો ના નિર્માણ માટે ત્વરિત ગુડા દ્વારા આયોજન કરવામાં આવશે.

ત્રિમંદિર ખાતે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાથી ૨૫ હજાર કરતા પણ વધુ કોંગ્રેસ કાર્યકરો અને પ્રજાજનો જોડાશે. જેનુ દરેક તાલુકા મથકે પ્રદેશ નિરિક્ષકો સર્વ માયાબેન દવે, મંદાકીનીબેન પટેલ, રાજુભાઇ બ્રહ્મભટ્ટ, વંદનાબેન પટેલ, નરેન્દ્રભાઇ પટેલ, મનિશ મકવાણા ઉપરાંત ધારસભ્યો સર્વ બળદેવજી ઠાકોર, ડૉ. સી જે ચાવડા, સુરેશભાઇ પટેલ ઉપરાંત નિશિત વ્યાસ, ડૉ. હિમાંશુ પટેલ, બાબુસિંહ ઠાકોર, કામિનીબા રાઠોડ, તાલુકા-શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખો અને ચુંટાએલા જન પ્રતિનિધિઓ, યુવક કોંગ્રેસ, મહીલા કોંગ્રેસ, સેવાદળ અને એન.એસ.યુ.આઇ., વિવિધ સેલ વિભાગના તમામ પદાધીકારીઓ ધ્વારા સુપેરે આયોજન કરાયુ છે. જેથી જિલ્લાના તમામ કોંગ્રેસના આગેવાનો, કાર્યકરો અને પ્રજાજનોમા ખુશીનો માહોલ છવાયો છે. ઉપરાંત જિલ્લા કોંગ્રેસે સમગ્ર જિલ્લાભરમાથી વધુમા વધુ પ્રજાજનો અને કાર્યકરો કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી પ્રેરીત "જન સંકલ્પ રેલી"મા જોડાશે.